ક્રમાંક:એસએજી/ખેમકું-૧૭/૨૦૧૭-૧૮
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં ૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા.૦૫/૦૮/૨૦૧૭

**વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૭**
**સંદર્ભ:- આ કચેરીના તા.૨૩/૦૬/૨૦૧૭નો પરીપત્ર**

<u>પરિપત્ર :-</u>

ખેલમહાકુંભ-૨૦૧૭ અંતર્ગત વિધાર્થીઓ અને બીનવિધાર્થી રમતવીરો ફરજીયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

## (૧) ૨૯, ઓગષ્ટ સ્પોર્ટસ ડે

- ૨૯, ઓગષ્ટના રોજ હોકીના જાદુગર સ્વ. ધ્યાનચંદના જન્મદિનને ભારતમાં "નેશનલ સ્પોર્ટસ ડે" તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત સરકાર રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રમાં હરણફાળ ભરી રહ્યો છે. ત્યારે ૨૯ ઓગષ્ટને "સ્પોર્ટસ ડે" તરીકે ઉજવવાનો રહેશે.
- તા.૨૯/૦૮/૨૦૧૭ના રોજ શાળાઓમાં અંડર-૯ માં ૩૦ મી દોડ, અંડર-૧૧ માં ૫૦ મી દોડ, અંડર-૧૪ અને અંડર-૧૭માં ૧૦૦ મી. દોડ, કબડ્ડી, ખોખો તથા ખેલમહાકુંભની અન્ય રમતોની સ્પર્ધાઓનું આયોજન કરી સ્પોર્ટસ ડે ઉજવવાનો રહેશે. પ્રત્યેક ખેલાડીએ એક સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૦૦ મી. દોડ, કબડ્ડી, ખોખો તથા ખેલમહાકુંભની અન્ય રમતોની સ્પર્ધાઓનું આયોજન કરી સ્પોર્ટસ ડે ઉજવવાનો રહેશે. ઉપરાંત શાળાકક્ષાએ અંડર-૧૪ અને અંડર-૧૭ અને ઓપન એજ ગ્રુપની વયજુથમાં ખેલમહાકુંભની ઓછામાં ઓછી એક રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવો જોઈએ.

આમ સ્પોર્ટસ ડે ના કરણે તાલુકાકક્ષાની સ્પર્ધાઓ હવે ૩૦ અને ૩૧ ઓગષ્ટ, ૨૦૧૭ સુધી આયોજન કરવાનું રહેશે.

આ અંગેનો અહેવાલ નીચે મુજબના નમુનામાં મોકલી આપવાનો રહેશે.

| તાલુકાનું નામ | સ્પોર્ટસ ડે ઉજવનાર શાળાઓની સંખ્યા | સ્પોર્ટસ ડેમાં ભાગ લેનાર ખેલાડીઓની સંખ્યા (વયજુથ, ભાઈ/બહેન) | ભાગ લીધેલ ખેલાડીઓ પૈકી રજીસ્ટ્રેશન કરાવેલ ખેલાડીઓની સંખ્યા (વયજુથ, ભાઈ/બહેન) |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## (૨) તાલુકા, જિલ્લાકક્ષાની સ્પર્ધાનું સમય પત્રક - ઓનલાઈન

તાલુકાકક્ષા અને જિલ્લાકક્ષાની સ્પર્ધાના સ્થળ, તારીખ, કન્વીનર અને સમય સાથેનું સમય પત્રક તા.૧૦/૦૮/૨૦૧૭ સુધી અચુક ઓનલાઈન કરી એક્સલ ફાઈલમાં <u>sagkmk2017@gmail.com</u> પર મોકલી આપવાની રહેશે.

## (૩) પસંદગી ટીમમાં પ્રતિભાશાળી ખેલાડીઓને તક

- તાલુકાકક્ષાએથી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાએ ટીમ રમતમાં એક વિજેતા ટીમ અને એક પસંદગીની ટીમ નિયમ મુજબ ભાગ લે છે.
- વિજેતા ટીમ યથાવત રહેશે.
- ઘણી શાળાઓમાં ટીમનુ રજીસ્ટ્રેશન કરતાં નથી. ટીમ બની શકે તેટલી સંખ્યામાં ખેલાડીઓ હોતા નથી તેવા કિસ્સામાં શાળાના ૨ થી ૩ ઉકૃષ્ટ અને પ્રતિભાશાળી ખેલાડી સ્પર્ધામાં ભાગ લઈ શકતાં નથી.
- પસંદગી સમિતિ દ્વારા યોગ્ય જણાય તો જિલ્લાકક્ષાએ "પસંદગી ટીમ" માટે ઉત્કૃષ્ટ અને પ્રતિભાશાળી ખેલાડીઓને ટીમ ટ્રાયલ માટે તક આપવાની રહેશે.
- ખેલાડીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવેલ હોવું જોઈએ.

સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

૧. મ્યુ.કમિશ્નરશ્રી- તમામ
૨. જિલ્લા કલેક્ટરશ્રી – તમામ
૩. સચિવશ્રી, રા.ર.ગ.પરિષદ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર
૪. મુખ્ય કોચશ્રી, એસ.એ.જી., ગાંધીનગર
૫. જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
૬. સિનીયર કોચશ્રી, તમામ
૭. સી.ઓ.ઈ. શાખા, એસ.એ.જી., ગાંધીનગર
૮. શાખા અધિકારીશ્રી, તમામ